ક્રમાંક: જીઆઈડીસી/એએલટી/
પોસ્ટ-વિતરણ/પોલિસી/ ૧૩
જીઆઈડીસી, વડી કચેરી,
ગાંધીનગર.
તા- ૨૮/૪/૨૦૨૨

## // સુધારા પરિપત્ર //

- વંચાણે લીધું: પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/વ.ક/એલ૦૯૦૦૩૬૩૩૨૦૧/તા.૧૭/૦૨/૨૦૨૧

નિગમના ફાળવણીદારો તેમની નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા માટે વિવિધ નાણાંકીય સંસ્થાઓ/ બેંકો પાસેથી લોન સ્વરૂપે સહાય મેળવતા હોય છે. જ્યારે આવા ફાળવણીદારો લોન ભરવામાં નિષ્ફળ જાય છે ત્યારે આવી બેંક/ નાણાંકીય સંસ્થાઓ/ ડી.આર.ટી./ એન.સી.એલ.ટી. દ્વારા મિલકત જાહેર હરાજીમાં મૂકી વેચાણ કરવામાં આવે છે અને ત્યારબાદ હરાજીમાં વેચાણથી ખરીદનાર દ્વારા નિગમને તબદીલી અંગેની રજુઆત કરવામાં આવે છે.

આ બાબતે આમુખમાં દર્શાવેલ પરિપત્રમાં કાયદા શાખાએ ડી.આર.ટી/ એન.સી.એલ.ટી.માં ક્લેઇમ રજીસ્ટર કરાવવાનો રહેશે એટલે કે નિગમની ક્ષેત્રિય કચેરીઓએ મિલ્કત પેટે બાકી લ્હેણા બાબતે કોઇ ક્લેઇમ રજીસ્ટર કરાવવાનો રહેશે નહી. તેમ જણાવેલ છે. જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"કાયદા શાખા ધ્વારા આ બાબતે ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીની મંજુરી લીધા બાદ નિગમની ક્ષેત્રિય કચેરીઓએ મિલ્કત પેટેના બાકી લ્હેણા બાબતેનો ક્લેઇમ ડી.આર.ટી/એન.સી.એલ.ટી કે અન્ય ટ્રીબ્યુનલ વિગેરેમાં રજીસ્ટર કરાવવાનો રહેશે".

આમુખમાં દર્શાવેલ પરિપત્રની અન્ય બાબતો યથાવત રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના :

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇંડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)